# રક્ષાબંધનના પાવન પર્વને પણ મોંઘવારી નડી

## સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં રાખડીને મોંઘવારીનું ગ્રહણ લાગતાં ભાવમાં ધરખમ વધારો

ભિલોડા,તા. ૨

ભાઈ-બહેનના પ્રેમને ઉજાગર કરતા રક્ષાબંધનના પાવન પર્વને પણ ધરખમ મોંઘવારી નડી રહી છે.સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લા સહિત ભિલોડા તાલુકામાં રાખડીને મોંઘવારીનું ગ્રહણ લાગતાં ભાવમાં ધરખમ વધારો જોવા મળ્યો હતો.બહેનાને ભાઈ કે કલાઈ પર પ્યાર બાંધા હૈ..ભાઈ-બહેનના પ્રેમને ઉજાગર કરતા રક્ષાબંધન પર્વની પુર્વ સંધ્યાએ બજારોમાં કીડીયારા ઉભરાયા હતા.બજારોમાં ધુમ ઘરાકી જોવા મળી હતી.બજારોમાં ઠેર-ઠેર અવનવી રાખડીઓ આકર્ષણનું કેન્દ્ર બની હતી.મોદી અને યોગીની રાખડી બજારમાં ધુમ મચાવી હતી.

૩જી ઓગસ્ટને સોમવારના રોજ રક્ષાબંધન પર્વની ઉજવણી કરવામાં આવશે ત્યારે બહેન પોતાના વ્હાલસોયા ભાઈને રાખડી બાંધી તેના લાંબા આયુષ્ય માટે પ્રાર્થના કરશે તો ભાઈ બહેનની રક્ષા કરવાની જવાબાદારી સ્વીકારશે તેમ જાણવા મળેલ છે.બજારોમાં લોકો રાજસ્થાની રાખડી,સુખડ, રૂદ્રાક્ષની રાખડીઓની પણ ખુબ માંગ જોવા મળી હતી.બાળકોમાં લોકપ્રિય હોય તેવી ટોમ ઝેરી,છોટા ભીમ,બોનટેન,મોટુ-પતલું કાર્ટુનવાળી અવનવી અદ્યતન રાખડીઓએ ભારે આકર્ષણ જમાવ્યું છે.





ભિલોડામાં રક્ષાબંધનના પર્વની પુર્વ સંધ્યાએ બજારોમાં લોકોના કીડીયારા ખરીદી અર્થે ઉભરાયા હતા. રાખડી, મીઠાઈ, સોના-ચાંદી, રેડીમેડ, કપડાં, કરીયાણાના વેપારીઓની દુકાનોમાં ધુમ ઘરાકી જોવા મળતી હતી.વેપારીઓને જાણે કે ઘી-કેળા થઈ ગયા હતા.

રક્ષાબંધન(બળેવ)ના દિવસે બ્રાહ્મણો સામુહિક રીતે ભેગા મળી વિધિવિધાન પુર્વક જનોઈ બદલતા હોય છે.બ્રહ્મ સમાજ માટે બળેવ એટલે મોટામાં મોટો તહેવાર ગણાય છે.બળેવના દિવસે બ્રહ્મ સમાજ ધ્વારા સામુહિક જનોઈ બદલવાનો ધાર્મિક કાર્યક્રમ ઠેર-ઠેર યોજાય છે.આજની નવી પેઢીના નવયુવાનો ખુબ ઓછા પ્રમાણમાં માહિતગાર હોઈ છે.શું છે આ યજ્ઞોપવિત સંસ્કાર,તેનાથી શાસ્ત્રીય,વૈજ્ઞાનિક,ધાર્મિક રીતે તેમજ સ્વાસ્થ્યની દૃષ્ટીએ જનોઈ ખુબ જ ફાયદાકારક છે.

યજ્ઞોપવિતનું મહત્વ :- યજ્ઞોપવિત ભારતીય સંસ્કૃતિનું મૌલિક સુત્ર છે.જેનો સીધો સબંધ આપણા આધ્યાત્મિક આધિદૈવિક અને આધિભૌતિક જીવનથી છે.યજ્ઞોપવિત એટલે કે જનોઈને યજ્ઞસુત્ર,બ્રહ્મસુત્ર પણ કહેવાય છે.ડાબા ખભા પર સ્થિત જનોઈ દેવભાવ અને જમણા ખભા પર સ્થિત જનોઈ પિતૃભાવ દર્શાવે છે.મનુષ્યત્વથી દેવતત્વ પ્રાપ્ત કરવા માટે યજ્ઞોપવિત એક સશક્ત સાધન છે.જનોઈનો સ્વાસ્થ્ય સાથે બહું ઉંડો સબંધ છે.જનોઈ પહેરવાથી આરોગ્ય માટે ઘણા ફાયદા થાય છે.

# પ્રાંતિજના ધડીના જીવણપુરામાં પત્નીની હત્યા કરનારો આરોપી ઝડપાયો

પ્રાંતિજ તા. ૨

ગુનેગાર ગમે તેટલો સાતેજ હોય પણ તે પોલીસ ની બાજ નજર થી બચી શકતો નથી આવોજ એક કિસ્સો સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકા ના ધડી ગામના પેટાપરૂ જીવણપુરા ખાતે બન્યો છે જેમાં આરોપી એ પોતાની પત્ની ની હત્યા કરી અને આત્મ હત્યા મા ખપાવનાર આરોપી પતિને પ્રાંતિજ પોલીસે ગણતરી ના કલાકો મા જ પકડી સમગ્ર ધટના નો ભેદ ઉકેલી જેલ ના સળીયા ગણતો કરી દીધો .


પ્રાંતિજ તાલુકા ના ધડી ના પેટાપરૂ જીવનપુરા ખાતે રહેતો અશોકજી અજમેલજી ચૌહાણ પોતાની પત્ની ઉપર અવારનવાર વહેમરાખી પોતે આરોપી અશોકજી ની પત્ની મિતલ નો ટેલીફોનિક સંપર્ક કરતા દરેક સમયે ફોન વયસ્ત આવતો હોય તે બાબતે ની તકરાર કરી તેની પત્ની સાથે બોલાચાલી કરી તેનુ ગળુ દબાવી ટુપો દઈ મારી નાખેલ અને સમગ્ર ધટના ને છુપાવવા માટે અશોકજી એ પોતાની પત્ની એ કોઈ અગમ્ય કારણોસર ગળેફાંસો ખાઈ લીધો હોય તેવુ ચિત્ર ઉભુ કર્યુ હતું અને પોતાના ધરે સાડી વડે ધાબાની છત ના આકડા ઉપર આત્મ હત્યા કરી હોય તેવુ ઉભું કર્યું. તો આ અંગે ની જાણ પત્ની મિતલ ના પિયર પક્ષે થતા દીકરી ના પિતા ચંદુજી રૂમાલજી પરમાર રહે. પુંસરી, નવાનગર તલોદ વાળાઓએ પોતાની દીકરી મિતલ ઉ.વર્ષ-૨૨નું આમ અચાનક ગળેફાંસો ખાઈને આત્મ હત્યા કરી લીધી હોય તે વાત ગળેના ઉતરતા પ્રાંતિજ પોલીસ ને જાણ કરી હતી તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના પ્રાંતિજ પીઆઈ પી.એલ.વાધેલા, પ્રાંતિજ પીએસઆઈ એ.જે.ચાવડા, એ.એસ.આઈ માનસિંહ, હેડ કોન્સ્ટેબલ હરપાલસિંહ, હેડ કોન્સ્ટેબલ હરેશભાઈ, હેડ કોન્સ્ટેબલ દેવજીભાઈ, પોલીસકોન્સ્ટેબલ રાજેન્દ્રસિંહ, પોલીસ કોન્સ્ટેબલ મહેશભાઈ, પોલીસ કોન્સ્ટેબલ વિક્રમસિંહ, હેડ પોલીસ કોન્સ્ટેબલ દિપસિંહ સહિત ની ટીમ દ્વારા ઘટના સ્થળે પહોચી આગળ ની તપાસ હાથધરી હતી જેમાં પ્રાંતિજ પોલીસ ને પણ પહેલી નજરે ગળેફાંસો ખાઈ આત્મ હત્યા કરી હોય તેવું ગળે ઉતરતું નહતું ત્યારે પ્રાંતિજ પીઆઈ પી.એલ.વાધેલા એ પોતાના ઉપરી અધિકારી અને સાબરકાંઠા જિલ્લા પોલીસ અધીક્ષક ચૈતન્ય રવીન્દ્ર માંડલીક તથા નાયબ પોલીસ અધીક્ષક કે.એસ.સુર્યવંશી નો ટેલીફોનીક સંપર્ક કરી બનાવ અંગેની સમગ્ર હકીકત જણાવી માર્ગદર્શન મેળવ્યું હતું તો પ્રાંતિજ પીઆઈ પી.એલ. વાધેલા દ્વારા આજુબાજુના લોકોની પુછપરછ કરી મરણ જનાર મિતલ ના પતિ અશોકજી ચૌહાણની કડક પુછપરછ કરતા આરોપી અશોકજી ભાગી પડયો હતો અને તેણે કહ્યું કે અવારનવાર હું મારી પત્ની ના ચારીત્ર્ય ઉપર વહેમરાખી ઝધડા થતા શારીરિક માનસિક ત્રાસ આપતો તો એ દિવસે મરણ જનાર મિતલ નો ટેલીફોનક સંપર્ક કરતા તેનો ફોન વ્યસ્ત આવતો હોય તે બાબતે બોલાચાલી થઈ હતી અને તે દરમ્યાન મે જ ગળું દબાવ્યુ હતું અને ટુપો મારી નાખેલ અને સમગ્ર હકીકત છુપાવવા હત્યા ને આત્મ હત્યા મા ફેરવી દીધી હતી જોકે મરણ જનાર મિતલ ના પિતા ચંદુજી રૂમાલજી પરમાર રહે. પુંસરી નવાનગર તાલુકો તલોદ દ્વારા પ્રાંતિજ પોલીસને જાણ કરી તપાસ ની માંગ કરી હતી ત્યારે પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ-૩૦૨, ૪૯૮(ક) મુજબ ગુનોનોધી આગળ ની તપાસ હાથધરી હતો જેમાં પ્રાંતિજ પીઆઇ પી.એલ. વાધેલા તથા પ્રાંતિજ પીએસસાઈ એ.જે.ચાવડા તથા પોલીસ ટીમ દ્વારા તપાસ ને લઈને પ્રથમ નજરે જ હત્યા થઈ હોવાની શંકા જતા મરણ જનાર મિતલ ના પતિ અશોકજી ચૌહાણ ની કડક પુછપરછ કરતા સમગ્ર મામલો બહાર આવ્યો હતો અને આરોપી પતિ અશોકજી ચૌહાણ ભાગી જતાં કબુલાત કરી હતી તો પ્રાંતિજ પોલીસે ગણતરી ના જ કલાકો માજ આરોપી પતિ અશોકજી ચૌહાણ ને પકડી જેલ ભેગો કરી જેલના સળિયા ગણતો કયો દીધો છે.



# વીએચપીના ઉત્તર ગુજરાત પ્રાંતના સહમંત્રી પદે નલીનભાઈની વરણી

હિંમતનગર, તા. ૨

વિશ્વ હિન્દુ પરિષદના ઉત્તર ગુજરાત પ્રાંતના સહમંત્રી પદે હિંમતનગરના નલીનભાઈની વરણી કરવામાં આવી છે. જે માટે તેમને કાર્યકરો, મિત્રો-સ્નેહીજનો તથા પરિવારજનો તરફથી અભિનંદન પાઠવવામાં આવી રહ્યાં છે. હિંમતનગરના અગ્રણી તેમજ રાષ્ટ્રહિત અને સમાજહિતના કાર્યોમાં અગ્રેસર એવા નલીનભાઈને વિશ્વ હિન્દુ પરિષદના ઉત્તર ગુજરાત પ્રાંતના સહમંત્રી તરીકે પસંદ કરવામાં આવ્યાં છે. તેમની વરણીથી હિંમતનગરના વીએચપીના કાર્યકરોમાં ઉત્સાહ સાથે આનંદની લ્હેર પ્રસરવા પામી છે. આ સાથે નલીનભાઈને વીએચપીના હોદેદારો, કાર્યકરો, મિત્રો-સ્નેહીજનો તથા પરિવારજનો તરફથી અભિનંદન સાથે ઉત્તરોઉત્તર પ્રગતિ કરવા અને મા ભારતીની સેવા સાથે રાષ્ટ્રહિતના કાર્યોમાં ઈશ્વર બળ અને દિર્ઘાયુ પ્રદાન કરે તેવી શુભેચ્છાઓ પ્રાપ્ત થઈ રહી છે.



# ભિલોડાના મઉ ટાંડા ૨૨ વર્ષીય યુવકે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા પરિવારજનો પર આભ તૂટ્યું

ભિલોડા, તા. ૨

અરવલ્લી જીલ્લામાં આત્મહત્યાના બનાવોમાં નોંધપાત્ર વધારો થઈ રહ્યો છે મોડાસાની અયોધ્યાપુરી સોસાયટીમાં રહેતી ૩૨ વર્ષીય મહિલાએ ગૃહ કંકાસ જેવી સામાન્ય બાબતમાં આત્મહત્યા કરી લીધી હોવાની શાહી હજુ સુકાઈ નથી ત્યારે ભિલોડા તાલુકાના મઉ ટાંડા ૨૨ વર્ષીય યુવકે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી લેતા ભારે ચકચાર મચી છે ભિલોડા પોલીસ મૃતકની લાશને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી

ભિલોડા તાલુકાના મઉ ટાંડા ગામના પરિવાર સાથે રહેતા નારણભાઈ ગુલાબભાઈ વણઝારા (ઉં.વર્ષ-૨૨) નામના યુવકે અગમ્ય કારણોસર ઘરમાં પંખા સાથે દોરડું બાંધી આત્મહત્યા કરી લેતા પરિવારજનો પર આભ તૂટી પડ્યું હતું યુવકની આત્મહત્યાના પગલે પરિવારજનોએ ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ભારે ગમગીની છવાઈ હતી યુવકે આત્મહત્યા કરી લેતા લોકોના ટોળેટોળા ઘટનાસ્થળે ઉમટ્યા હતા.



# ડીસામાં લોકડાઉન વચ્ચે પણ રોડ ઉપર રખડતા ઢોરનો ત્રાસ

## પાલિકાની ઢોર પકડવાની ઝુંબેશ પોકળ પુરવાર

ડીસા, તા. ૨

બનાસકાંઠા જિલ્લાના તાલુકા મથક ડીસામાં લોકડાઉન વચ્ચે પણ રખડતા ઢોરનો ત્રાસ યથાવત જોવા મળે છે તેથી ખાસ કરીને રાહદારીઓની હાલત કફોડી બની જવા પામી છે.

ડીસામાં કોરોનાના વધતા જતા કેસોને ગંભીરતાથી લઈ વહીવટીતંત્ર દ્વારા સાંજે ૪ વાગ્યા બાદ લોકડાઉન જાહેર કરવામાં આવ્યું છે તેથી ધંધા - રોજગાર બંધ થઈ જાય છે પરંતુ લોકોની આવરજવર સતત ચાલુ રહે છે વાહનચાલકો પણ ખુલ્લેઆમ ફરે છે પણ તેમની સાથે રખડતા ઢોર પણ મુખ્ય રસ્તાઓ ઉપર અડીંગો જમાવે છે. લોકોની અને વાહનોની પાંખી હાજરી વચ્ચે જાણે ઢોરોને મોકળું મેદાન મળી જાય છે. તેથી રોડ ઉપર રખડતા ઢોરની સમસ્યા અકબંધ રહેવા પામી છે તેમાં પણ સરદાર બાગ અને પાટણ ચાર રસ્તા સુધી ગાયો સાથે આખલાઓનો વધુ ઉપદ્રવ જોવા મળે છે. જેના પગલે રાહદારીઓ સાથે વાહન ચાલકો ત્રાહિમામ પોકારે છે. રોડ ઉપર ઢોરની આવનજાવન અને અડીંગાના કારણે નાના મોટા અકસ્માત સર્જાય છે તો ભૂરાટા બનેલા ઢોર ઘણી વખત રાહદારીઓને શીંગડે ભેરવે છે તેથી વૃદ્ધો, બાળકો અને મહિલાઓનું તો આવી બને છે...!

રખડતા ઢોરની કાયમી બનેલી સમસ્યા મુદ્દે અવારનવાર સ્થાનિક લોકો હોબાળો મચાવે છે તેથી હરકતમાં આવી પાલિકા તંત્ર ઢોર પકડવાના નાટક ભજવે છે જેના મસમોટા બિલ ઉધરે છે પણ પાછળથી ઢોરની સમસ્યા યથાવત જ રહે છે. તેથી તેના કાયમી નિવારણની પ્રબળ લોક માંગ ઉઠવા પામી છે.

# મોડાસાના નવા-કોલીખડ ગામે સાપે ડંખ મારતા વૃદ્ધાનું સારવાર દરમિયાન મોત

મોડાસા, તા. ૨

ચોમાસાની સીઝન શરુ થતાની સાથે સાપ કરડવાની ઘટનાઓમાં દરવર્ષે વધારો થતો હોય છે અરવલ્લી જીલ્લામાં વરસાદ શરુ થતાની સાથે ઠેર ઠેર સરીસૃપ પ્રાણીઓ દરમાંથી બહાર નીકળી રહેણાંક વિસ્તારોમાં ઘુસી જતા જીવદયા પ્રેમીઓ સાપ પકડી જંગલમાં મૂકી આવતા હોય છે ત્યારે મોડાસા તાલુકાના નવા-કોલીખડ ગામે ૬૫ વર્ષીય વૃદ્ધાને ઘરમાં ઘુસી આવેલા સાપે ડંખ મારતા કમકમાટી ભર્યું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી સર્પ દંશની ઘટનાથી પરિવારજનો ફફડી ઉઠતા જીવદયા પ્રેમી યુવાનોને જાણ કરતાં જીવદયા પ્રેમી યુવકોએ કાળમુખા સાપને મહામહેનતે ઘરમાથી પકડી પાડી જંગલોમાં સુરક્ષિત છોડી દીધો હતો





નવા-કોલીખડ ગામે પરિવાર સાથે રહેતા શાંતાબેન રામસિંહ ચૌહાણ (ઉ.વર્ષ-૬૫) નામના વૃદ્ધાંને ઘરકામ દરમિયાન શનિવારે બપોરે ઘરમાં ઘુસી આવેલા સાપ કરડતા વૃદ્ધાએ ચીસાચીસ કરી મુકતા પરિવારજનો દોડી આવ્યા હતા વૃદ્ધાને ઝેરની અસર થતા તાબડતોડ સારવાર અર્થે મોડાસાની સાર્વજનિક હોસ્પિટલમાં ખસેડાતા સારવાર દરમિયાન વૃદ્ધાનું મોત નિપજતા પરિવારજનોએ ભારે આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી.

# કોરોનાના કપરાકાળમાં મેલેરીયા અને ચીકનગુનિયા કાબુમાં

## ગત વર્ષની સરખામણીમાં આ વર્ષે મેલેરીયાના કેસમાં ઘટાડો : આરોગ્ય વિભાગ દ્વારા સર્વેલન્સની કામગીરી સઘન બનાવાઈ

હિંમતનગર, તા. ૨

સાબરકાંઠા જિલ્લામાં થોડા વર્ષો અગાઉ મેલેરીયા અને ચીકનગુનિયાએ ભરડો લેતા અનેક લોકો તેનો શિકાર બન્યા હતા જેની અસરો આજે પણ જિલ્લામાં અનેક લોકો અનુભવી રહ્યા છે. દરમિયાન આ વર્ષે કોરોનાને લીધે અનેક કેસો નોંધાઈ રહ્યા છે પરંતુ તેની સામે મેલેરીયાના રોગ પર આરોગ્ય વિભાગે સઘન કામગીરી કરીને તેને અટકાવવા માટે પ્રસંશનીય કામગીરી કરીને ગત વર્ષની સરખામણીએ ૨૦ ટકા ઓછા કેસ નોંધાયાનો દાવો કર્યો છે.

આ અંગે જિલ્લા મેલેરીયા અધિકારી પ્રવિણભાઈના જણાવાયા મુજબ સાબરકાંઠા જિલ્લામાં ગત વર્ષે જુલાઈ માસમાં કુલ ૫૧ કેસ નોંધાયા હતા તેની સામે ૩૧ જુલાઈ ૨૦૨૦ના રોજ જિલ્લામાં ૪૦ થી ઓછા કેસ નોંધાયા છે. જેના માટે આરોગ્ય વિભાગે અગમચેતી દાખવીને ચોમાસુ શરૂ થયા અગાઉ જિલ્લામાં સાત વેક્ટર કંટ્રોલ ટીમ બનાવીને હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ તથા પોરાનાશકની કામગીરી પણ પૂર્ણ કરી દીધી છે. આમ ગત વર્ષની સાપેક્ષમાં ચાલુ વર્ષે આરોગ્ય વિભાગે સ્ટાફને સતત કોરોનાની કામગીરીમાં વ્યસ્ત રખાયા હોવા છતા મચ્છર જન્ય રોગોનો ઉપદ્રવ ન થાય તે માટે સારી કામગીરી કરાઈ છે.

જિલ્લા વિકાસ અધિકારી ડૉ. રાજેન્દ્ર પટેલ તથા આરોગ્ય અધિકારી ડૉ. રાજેશ પટેલના માર્ગદર્શન હેઠળ જિલ્લામાં મેલેરીયા માટે હાઈરીસ્ક ગણાતા હિંમતનગર, પ્રાંતિજ, તલોદ, ઈડર અને વડાલી તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં આરોગ્યના કર્મચારીઓ કોરોનાની કામગીરીની સાથોસાથ મેલેરીયાને કાબુમાં રાખવા માટે સઘન કામગીરી કરી રહ્યા છે તેના લીધે મેલેરીયાને કાબુ રાખવા માટે સફળતા મળી રહી છે. જોકે ગ્રામ્ય વિસ્તારોમાં મચ્છરદાનીનું જે પછાત વિસ્તારોમાં વિતરણ કરાયા બાદ રોગમાં ઘટાડો થયો હોવાનો દાવો કરાયો છે. દરમિયાન આ વર્ષે ઓછો વરસાદ હોવા છતાં પણ કેટલાક વિસ્તારોમાં મચ્છરોનો ઉપદ્રવ હોવા છતા લોકો કોરોનાના ભયને કારણે સ્થાનિક તબિબ પાસે સારવાર કરાવીને સંતોષ માની લે છે. અને તેઓ ગમે તે રીતે દેશી ઉપચારના માધ્યમથી મેલેરીયાને ભગાડવામાં સફળ થઈ રહ્યા છે.



# ભિલડીમાં એક જદિવસમાં કોરોનાના ૩ પોઝિટિવ કેસ

## બે વેપારી અને આંગણવાડી તેડાગર કોરોના પોઝીટીવ આવતા ફફડાટ

ડીસા,તા. ૨

ડિસા નજીકના ભિલડીમા પણ કોરોનાનો ધીમે-ધીમે પગ પેસારો થઈ રહ્યો છે જેમાં આજે શુક્રવારે એક જ દિવસમા ૩ પોઝીટીવ કેસ આવતા લોકોમા ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

ડીસા બાદ વેપારી મથક ભિલડીમા પણ લોકલ સંક્રમણના કારણે કોરોનાના કેસ વધી રહ્યા છે જેમાં સોના ચાંદીનો વ્યવસાય કરતા સોની ચતુર્ભુજ નારણદાસ (ઉમર વર્ષ-૭૦ ) ને તાવ ખાંસી આવતા ડિસા ખાતે પ્રાઈવેટ હોસ્પિટલમાં ખસેડાયા હતા જેઓનો રીપોર્ટ પોઝીટીવ આવેલ છે . જયારે કાંસાના વાસણનો વેપાર કરતાં કંસારા દાવુલાલ ભૈરવલાલ ( ઉમર વર્ષ-૭૦ ) ને ડિસા ભણસાલી કોવિડ-૧૯ મા સારવાર અર્થે ખસેડાયા હતા જેઓનો રીપોર્ટ પણ કોરોના પોઝીટીવ આવ્યો છે .જયારે દરજી અરૂણાબેન શ્રવણભાઈ (ઉમર વર્ષ-૩૬ ) ને શરદી ખાંસીના લક્ષણો દેખાતા તેમનો રીપોર્ટ પોઝીટીવ આવ્યો છે .જેઓ મોટી ઘરનાળ ગામે આંગણવાડી તેડાગર તરીકે નોકરી કરતા હતા . તેથી તેઓની આંગણવાડી ૧૪ દિવસ માટે બંધ કરવામાં આવી છે. જેઓને સામાન્ય લક્ષણો દેખાતા પોતાના ધરમા હોમ કોરોન્ટાઈન કરેલ છે . તેમ આરોગ્ય વિભાગે જણાવી

કોરોનાનું સંક્રમણ નાથવા કંસારા વાસ (ભિલડી), દરજી વાસ (ભિલડી) અને ડો.પોપટલાલની ચાલી આ ત્રણ વિસ્તારોને કન્ટેન્મેન્ટ ઝોન જાહેર કરીને લોકોની અવર-જવર પર સંપૂર્ણ પ્રતિબંધ મુકેલ છે અને તેમના તમામ ધરના સભ્યોને હોમ કોરોન્ટાઈન કરેલ છે. તેમ ઉમેર્યું હતું.જો કે એક જ દિવસમાં કોરોનાના ત્રણ કેસ નોંધાતા ગામમાં ભયનો માહોલ છવાયો છે.

# બાયડ તાલુકાના કલાજીના મુવાડા નજીક અકસ્માત એકનું મોત: એક ઘાયલ

બાયડ, તા. ૨

બાયડ તાલુકાના કલાજીના મુવાડા બે ટ્રક વચ્ચે ધડાકાભેર અકસ્માત થતા ઘટના સ્થળ ઉપર એકનું મોત નીપજ્યું હતું. તથા કંડકટરને ઈજાઓ થતા સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો

બાયડ તાલુકાના કલાજી ના મુવાડા નજીક આરજે ૩૦ જીએ ૩૮૨૫ ચાલકે કન્ટેનર બેદરકારી રીતે ટંકારી રોંગ સાઈડે આવી સામેથી આવતી ગાડી નંબર G J 7 uu 8530 ને સામેથી ટક્કર મારી ગાડીના ચાલક રામસિંહ સોમસિંહ ઝાલા ઉ વ ૪૫ રહે ધોળી બાઈના મુવાડા ને ઈજાઓ થતાં ઘટના સ્થળ ઉપર મોત નીપજ્યું હતું તથા કંડકટર ધર્મેન્દ્ર ભાઈ મીણા ને ઈજાઓ પહોંચતા સારવાર માટે મોકલવામાં આવ્યા હતા. પોલીસે ભદ્રેશ કુમાર વાઘેલા ની ફરિયાદના આધારે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

# ભિલોડા પોલીસ દ્વારા રૂા.૨૫,૦૭૬/-નો વિદેશી દારૂ ઝડપાયો

ભિલોડા,તા. ૧

અરવલ્લી જીલ્લામાં વિદેશી દારૂની હેરાફેરી અટકાવવા પોલીસ ધ્વારા પેટ્રોલીંગ વધાર્યું છે.વિદેશી દારૂના ધંધા સાથે સંકળાયેલા બુટલેગરોમાં ભારે ફફડાટ ફેલાયો છે.ભિલોડા પોલીસ ધ્વારા બાતમીના આધારે રીંટોડા ગામમાંથી બુટલેગરના ઘરેથી રૂા.૨૫,૦૭૬/-નો જુદી-જુદી બ્રાન્ડનો વિદેશી દારૂ સહિત યુવાન બુટલેગર ઝડપાયો હતો.પોલીસએ બુટલેગર વિરૂધ્ધ પ્રોહિબીશન એક્ટ મુજબ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.



ભિલોડા પો.સ.ઈ. કે.કે.રાજપુતને ખાનગી રાહે બાતમી મળતા રીંટોડા ગામના નિતેષભાઈ બાબુભાઈ ખરાડી તેઓના ઘરે વિદેશી દારૂનો જથ્થો સંગ્રહ કરીને વેચાણ કરતો હતો.પોલીસ સ્ટાફ ધ્વારા ઓચિંતી રેઈડ દરમ્યાન ઘર આગળ ખેતરમાં ઝારના વાવેતરની આડમાં સંતાડેલો ભારતીય બનાવટનો વિદેશી દારૂ જુદી-જુદી બ્રાન્ડનો બીયર બોટલ/ટીન મળી કુલ નંગ-૧૦૭,કિં.રૂા.૨૫,૦૭૬/- નો વિદેશી દારૂના જથ્થા સાથે યુવાન બુટલેગર કલ્પેશકુમાર બાબુભાઈ ખરાડી,રહે.રીંટોડાવાળો ઝડપાયો હતો.પોલીસને વિદેશી દારૂનો ગણનાપાત્ર કેસ શોધવામાં સફળતા મળેલ છે.પો.સ.ઈ. કે.કે.રાજપુત પ્રોહિબીશનના કેસ સંદર્ભે વધુ તપાસ ચલાવી રહ્યા છે.



# દેધરોટા પાટીયા પાસે અજાણ્યા વાહને ટક્કર મારતા એકનું મોત

હિંમતનગર, તા. ૧

હિંમતનગર-વિજાપુર રોડ પર આવેલ દેધરોટા ગામના પાટીયા પાસેથી બે દિવસ અગાઉ પસાર થઈ રહેલ એક અજાણ્યા વાહનના ચાલકે ગભલતભરી રીતો પોતનું વાહન હંકારી રોડ ક્રોસ કરતા એક ૫૦ વર્ષના ઈસમને હડફેટે લઈ ગંભીર ઈજા પહોંચાડતા મોત નિપજ્યુ હતુ. જે અંગેની ફરીયાદ શુક્રવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસસ્ટેશનમાં નોંધાવા પામી છે.

આ અંગે દેધરોટા ગામના અજીતસિંહ ચકુસિંહ ઝાલાએ નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૩૦ જુલાઈના રોજ હિંમતનગર તરફથી વિજાપુર જતા એક અજાણ્યા વાહનચાલકે દેધરોટા પાટીયા પાસે રોડ ક્રોસ કરી રહેલા અશોકભાઈ ઉર્ફે લાલભાઈ કલાલસિંહ ઝાલાને અજાણ્યા વાહનચાલકે હડફેટે લઈ ગંભીર ઈજા પહોંચાડી હતી જેથી આ ઈજાગ્રસ્તને સારવાર માટે ખસેડાયા હતા જ્યાં તેમનું મોત નિપજ્યુ હતુ. ત્યારબાદ દેધરોટા ગામના અજીતસિંહ ઝાલાએ શુક્રવારે અજાણ્યા વાહનચાલક વિરૂદ્ધ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.